**સેવ વૉટર** બાળપણથી મોટી કોઈ સ્કૂલ નથી એવું કહેવાય છે. બાળપણમાં શીખવાડવામાં આવેલી બાબતો દરેકના મનમાં આસાનીથી અને જિંદગીભર ઘર કરી જાય છે, તેથી જ આ સ્પર્ધાના માધ્યમથી બાળકોને જળ બચાવના પાઠ ભણવવવામાં આવ્યા

# વોટર થીમ પર પેઈન્ટિંગ કોમ્પિટિશન યોજાઈ

- **40 સ્કૂલ્સના 2300થી વધુ વિદ્યાર્થીઓએ પેઈન્ટિંગ સ્પર્ધામાં ભાગ લીધો**
- ચિત્રો દ્વારા બાળકોના પાણી બચાવવા અંગેના વિચારો જણાઈ આવ્યા



**સિટી રિપોર્ટર** . વડોદરા

વીસીસીઆઈ ઈન્ડસ્ટ્રીયલ એક્ઝિબિશનના બીજા દિવસે સવારના સેશનમાં પેઈન્ટીંગ કોમ્પિટિશનું આયોજન કરાયું હતું. આ કોમ્પિટિશન યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ પેઈન્ટીંગ્સ અંતર્ગત વીસીસીઆઈ અને ગ્રીન યાત્રી.કોમ દ્વારા સંયુક્ત રીતે યોજવામાં આવી હતી. કોમ્પિટિશનની શરૂઆત સવારે 9 કલાકે થઈ હતી.

2300 કરતા વધુ વિદ્યાર્થીઓએ પેઈન્ટીંગ કોમ્પિટિશનમાં ભાગ લઈ વીસીસીઆઈ પ્રદર્શન ગ્રાઉન્ડને કલાત્મક વાતાવરણ આપ્યું હતું. એકસાથે 2300 વિદ્યાર્થીઓ પેઈન્ટિંગ કરવા બેસતા વીસીસીઆઈ પ્રદર્શનનો માહોલ ઈન્ડસ્ટ્રીયલથી ટ્રાન્સફર થઈને કલા તરફ વળ્યું હતું. આ સ્પર્ધાના પરિણામો યુનાઈટેડ નેશન્સની વેબ સાઈટ પર મુકાશે, જે ગ્રીન યાત્રી.કોમ દ્વારા જાહેર કરવામાં આવશે. આ સ્પર્ધાના અંતે જાણીતી મોડેલ અને સાઉથની ફિલ્મોની એક્ટ્રેસ મોસમી ઉદેશીએ હાજરી આપી હતી. મોસમીએ આ સ્પર્ધા તેમજ તેની થીમને વખાણી હતી. તેમજ બાળકોની ક્રિએટિવીટીને પણ બિરદાવી હતી.

આ સ્પર્ધા વિશે ગ્રીન યાત્રી.કોમના રૂચિરા ચૌધરી સાઈકીયાએ જણાવ્યું હતું કે, 'આ સ્પર્ધા વિદ્યાર્થીઓની ક્રીએટીવીટીને બહાર લાવવાના ઉદેશ્યથી યોજવામાં આવી છે. જેમાં શહેરની 40થી પણ વધુ સ્કૂલ્સના 2300 જેટલા સ્ટુડન્ટ્સે ભાગ લીધો હતો.' આ સ્પર્ધા યુનાઈટેડ નેશન્સના ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ હેઠળ 'વોટર ધી અલ્ટીમેટ સોર્સ





